DO-001-0012111 Seat No. ______

# B. A. (Sem. II) (CBCS) Examination

**March - 2022**

## Gujarati : Paper-4 (Elective-2)

***ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨***

*(Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 0012111**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચેના 'બે' પૈકી કોઈપણ 'એક' ગદ્યખંડનું વિવરણ કરો. **14**

(1) કોઈએ બરાબર જ કહ્યું છે કે સાહિત્યના ગર્ભમાં ગમે તેટલો બોધ હોય, પણ લેખકનું કામ - એ બોધને બહાર લાવી લોકો આગળ ધરવાનું નથી. બોધ તો સાહિત્યના વાતાવરણમાં છુપાયેલો રહેવાથી જ વધારેમાં વધારે પરિણામકારી નીવડે છે. સાહિત્ય ધન કમાવા માટે ન હોય, કીર્તિ માટે ન હોય. આ અર્થમાં 'સાહિત્યને માટે સાહિત્ય' સૂત્ર યથાર્થ છે. દ્રવ્યનો આનંદ, કીર્તિનો આનંદ, ઇંદ્રિયોનું સુખ વગેરે નાના મોટા પુરુષાર્થો છે. તેમ સાહિત્યનો આનંદ પણ સ્વતંત્ર પુરુષાર્થ છે. પણ ઘણા માણસો જ્યારે 'સાહિત્ય માટે સાહિત્ય'ની વાતો કરે છે ત્યારે તેમના મનમાં કાવ્યાનંદ, કલાનંદ કે સાહિત્યાનંદ નથી હોતો. તેઓ તો કેવળ વાસનાનું ઉદ્દીપન તથા વાસનાની તૃપ્તિને જ મનમાં રાખે છે. જ્યાં વાસના આવી ત્યાં કાવ્યાનંદ ટકી શકતો નથી.

- કાકાસાહેબ કાલેલકર

**અથવા**

(2) સાહિત્ય એ માનવજાતિનું મગજ છે. જેમ કોઈ વ્યક્તિમાં તેનું મગજ તેનાં પહેલાંના વેદનોની, તેના અનુભવની અને તેણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની નોંધ

સાચવી રાખે છે, અને એ નોંધ ધ્યાનમાં રાખીને જ તે પોતાના દરેક નવા વેદન અને અનુભવનો અર્થ ઘટાવે છે; તેમ આખી માનવજાતિ પાસે સાહિત્યના રૂપમાં પોતાના ભૂતકાળની નોંધ હોય છે, અને કેવળ એ નોંધને આધારે જ એની આજની પરિસ્થિતિઓ અને સંજોગો સમજી શકાય છે. ઇન્દ્રિયોના સંદેશા મગજના સહકાર વગર વ્યક્તિને અસ્પષ્ટ અને મૂલ્ય વગરના રહે છે; સાહિત્ય પૂર્વ અનુભવના જે સંચિત ભંડારો માનવજાતિને સ્વાધીન કરી દે છે, તેના વગર તેનું જીવન કેવળ પશુ જીવનની કોટિએ પહોંચી જાત.

- વર્સફોલ્ડ (અનુ. નગીનદાસ પારેખ)

2 નીચેના 'બે' પૈકી કોઈપણ 'એક' ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. **14**

(1) આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાનીછાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહ્યા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે, મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે અને સાચનું પારખું આ છે : જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરાય પ્રાણ નથી, એ સાચું હોઈ શકે જ નહિ. સત્ય એટલે શક્તિ, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ, જોમદાયક હોવું જોઈએ.

- સ્વામી વિવેકાનંદ

**અથવા**

(2) સૌંદર્યની ઉપાસના ધર્મપ્રેરક નીવડી અને નીવડે. કલા ધર્મની માતા જ નથી, તેને જીવંત રાખતી અમર સંજીવની છે. હું પુષ્ટિમાર્ગી વૈષ્ણવ નથી, પણ સાયંકાળે તેમના મંદિરે જઉં તો ત્યાં વહેતા સંગીતથી મુગ્ધ થાઉં અને અદ્‌ભુત સંવેદનો અનુભવું. ખ્રિસ્તી ધર્મનાં વેનિસ આદિનાં ભવ્ય પ્રાર્થનામંદિરનાં રસ્કિનનાં વર્ણનો વાંચતાં ધાર્મિક લાગણીઓ ઉદ્‌ભવે ને સંતોષાય છે. બાયબલ કરતા બૉટીચેલી, રાફેલ, એન્જેલો આદિની કલાકૃતિઓથી ખ્રિસ્તીધર્મ વધુ

જીવંત રહ્યો છે; તેના સિદ્ધાંતો કરતાં નરસિંહ, સુરદાસ, મીરાં વગેરેથી વૈષ્ણવ-પંથ વધુ પ્રાણવંતો છે; અને પંથ ઉપપંથને વ્યાપી રહે તો ગગન જેવો આપણો હિંદુ ધર્મ યુગે યુગે ભગવદ્‌ગીતા અને ઉપનિષદની કવિતામાંથી નવો અવતાર પામે છે. કલા આ વસ્તુ પોતાની જાતને સંપૂર્ણ પ્રમાણિક રહીને સાધી શકે. બાળક રમે છે તેમાં તેનું તંદુરસ્ત જાળવવાનો હેતુ નથી, પણ રમતથી સ્વાસ્થ્ય જળવાયને શરીર કસાય છે. નદી વહે છે તેમાં ખેતરો પોષવાનો તેનો હેતુ નથી; તે તેનું સ્વભાવજન્ય કામ કરે છે. અને ખેતરો પોષાય છે.

- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

3 ‘તત્પુરુષ’ અને ‘દ્વન્દ્વ’ સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **14**

**અથવા**

3 ‘ઉપપદ’ અને ‘બહુવ્રીહિ’ સમાસની વ્યાખ્યા આપી તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **14**

4 નીચેનામાંથી કોઈ ‘એક’ ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી પુનઃ ગદ્યખંડનું લેખન કરો. **14**

(1) બબલીયે કેવી હું રોજ માટી-પીટીને ઊંઘાડું - ને આંઈ તો આને હીંચોળ્યે ઘોંટી ગઈ અરેરે તેમ કોઈ દાડો મારી બબલીને હીંચોળી છે કોઈ દાડો હાલાંનો એક રાગડોય કાઢ્યો છે તેમ તો જ્યારે હું વીનવું ત્યારે બસ એમ જ કહીને ઊભા રહો કે એ મારું કામ નહિ હું મરદ છું જોજો - મરદ જોયા ન હોય તો

**અથવા**

(1) પ્રભુની જેને ખરી ઓળખ થઈ હશે તે સારી રીતે જાણશે જ કે પ્રભુ મારી અને દુનિયાની બહાર નથી આખા વિશ્વનો એ જ અંતર્યામી છે અને તેથી એનું સ્મરણ અર્થાત્ ધર્મ એ પણ દુનિયાના સઘળા વ્યવહારનો-અર્થનો અને કામનો અંતર્યામી થવો ઘટે છે એટલે કે અર્થ અને કામનો એ દાસ નથી પણ અર્થ અને કામ ઉપર અમલ ભોગવી અર્થ અને કામને પોતાના કાર્યમાં પ્રેરે છે.

5 નીચેના '04' પૈકી કોઈપણ **'02'** પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો. **14**

(1) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

(1) અક્કલનું ઓથમીર

(2) અન્ન અને દાંતને વેર થવાં

(3) આકાશ તૂટી પડવું

(4) રોદણાં રડવાં

(5) લોઢાના ચણા ચાવવા

(6) લોહીનું પાણી કરવું

(7) હથેળીમાં ચાંદ બતાવવો

(2) નીચેની કહેવતોનો અર્થ આપો.

(1) 'ઝાઝા હાથ રળિયામણા'

(2) 'રાત થોડી ને વેશ ઝાઝા'

(3) 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવાય'

(4) 'નાચવું નહિ ત્યારે આંગણું વાંકું'

(5) 'પારકી આશ સદા નિરાશ'

(6) 'બોલે તેના બોર વેચાય'

(7) 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે'

(3) ગુરુવિરામ, લોપચિહ્ન અને લઘુ-ગુરુ રેખાનો પ્રયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે ? તે જણાવી, ત્રણેય ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો.

(4) નીચેના સમાસોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો.

(1) માબાપ

(2) પ્રાણપ્યારું

(3) દેવાલય

(4) યુધિષ્ઠિર

(5) કાવ્યામૃત

(6) ચોમાસુ

(7) જડબાતો